વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી–૩૯૬૪૫૦

# કૃષિમહોત્સવ–૨૦૧૧

(તા. ૦૬/૦૫/૨૦૧૧ થી ૦૫/૦૬/૨૦૧૧)

## (૧) પ્રસ્તાવના

સને ૨૦૦૫થી દર વર્ષે અખાત્રિજના દિવસથી રાજય સરકારશ્રી તરફથી એક માસની સમયાવધિના રાજય વ્યાપી ભવ્ય કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. નવિનત્તમ કૃષિ ટેકનોલોજીને કૃષિ યુનિવર્સિટીઓની પ્રયોગશાળામાંથી ખેડૂતોના ખેતરો સુધી પહોંચાડવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલ કૃષિ વિકાસના આ મહા અભિયાનમાં દર વર્ષે કૃષિ જાગૃતિની સાથે સાથે રાજય સરકારશ્રીના વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો અને લોક કલ્યાણની યોજનાઓના નવા નવા પરિમાણોનો ઉમેરો થતો રહ્યો છે.

કૃષિ સમૃધ્ધિ થકી આર્થિક સમૃધ્ધિના મહામંત્રની અવિરત આગેકૂચના ભાગ રૂપે ચાલુ વર્ષ ૨૦૧૧ દરમ્યાન રાજય સરકારશ્રી તરફથી તા.૦૬/૦૫/૨૦૧૧ થી ૦૫/૦૬/૨૦૧૧ (એક માસ) સુધી સાતમા "કૃષિ મહોત્સવ–૨૦૧૧" નું આયોજન કરવામાં આવેલ હતું.

## (૨) માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં યોજાયેલ "કૃષિ મહોત્સવ–૨૦૧૧" કાર્યક્રમનો અહેવાલ

નવસારી કૃષિ યુનિવર્સિટી અને વલસાડ જિલ્લા વહિવટી તંત્રના સહયોગમાં તા.૧૨/૦૫/૨૦૧૧ને ગુરુવારના રોજ દક્ષિણ ગુજરાતની આદિવાસી પટ્ટીમાં આવેલ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં આવેલ અંતરિયાળ નાનાપોંઢા ગામ ખાતે રોજ માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતીમાં "કૃષિ મહોત્સવ–૨૦૧૧" કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ હતી.

### (૨.૨) મુખ્ય ઉદ્‌ઘાટન સમારોહ :

- સમારોહના ઉદ્‌ઘાટક અને અધ્યક્ષ માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ સવારના ૧૧.૦૦ કલાકે નાનાપોંઢા ખાતે આયોજીત થયેલ મુખ્ય ઉદ્‌ઘાટન સમારોહના મંડપમાં પધાર્યા હતા.
- આ અગાઉ સવારના ૧૦.૧૫ કલાકે ઉદ્‌ઘાટન સમારોહના મુખ્ય મહેમાન અને માન. કૃષિમંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીના શુભ હસ્તે નીચે દર્શાવેલ મહાનુભાવોની ઉપસ્થિતીમાં દીપ પ્રાકટય વિધી સંપન્ન થયો.

– શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા, અધ્યક્ષ, ગુજરાત રાજય આયોજન પંચ

– શ્રી મંગુભાઈ પટેલ, મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ

– શ્રી પરસોતમ સોલંકી, મંત્રીશ્રી, પશુપાલન, મત્સ્યોદ્યોગ

– શ્રી સી.આર.પાટીલ, સાંસદશ્રી, , નવસારી

– શ્રીમતી ઉષાબેન પટેલ, ધારાસભ્યશ્રી, પારડી અને દંડક, વિદ્યાનસભા

– શ્રી આર.સી પટેલ, ધારાસભ્યશ્રી, જલાલપોર

- માન.મુખ્યમંત્રીશ્રી નાનાપોંઢા ખાતે આયોજીત થયેલ મુખ્ય ઉદઘાટન સમારોહના મંડપમાં પધાર્યા તે પહેલાં નીચે દર્શાવેલ મહાનુભાવોએ સભાને સંબોધી હતી.

  – શ્રી દિલીપભાઈ સંઘાણી, કૃષિમંત્રીશ્રી

  – શ્રી મંગુભાઈ પટેલ, આદિજાતિ વિકાસ મંત્રીશ્રી

  – શ્રીમતી ઉષાબેન પટેલ, ધારાસભ્યશ્રી, પારડી અને દંડક, વિધાનસભા

- માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આ પ્રસંગે નાનાપોંઢા ખાતે યોજાયેલ એક દિવસીય કૃષિમેળો અને ફળ, ફૂલ, કેરી, શાકભાજી પ્રદર્શનના સ્ટોલ્સની ખુલ્લી જીપ દ્વારા મુલાકાત લઈને મુલાકાતી ખેડૂતોનું અભિવાદન ઝિલ્યું હતું.

- માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે સવારના ૧૧.૦૦ કલાકે મુખ્ય ઉદઘાટન સમારોહના સ્ટેજ પર પધારીને ઉપસ્થિત વિશાળ ખેડૂત ભાઈઓ અને બહેનોની જનમેદનીને ૩૦ મિનીટ સુધી સંબોધન કર્યુ હતું.

- માન.મુખ્યમંત્રીશ્રી ના ઉદબોધન સમયે સભા મંડપની અંદર અને બહાર ઉભેલા લગભગ ૬૦૦૦૦ ખેડૂત ભાઈઓ અને બહેનોની ઉપસ્થિતી હતી.

- માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે નાનાપોંઢાથી ગાંધીનગર જવા માટે બપોરના ૧૨.૧૦ કલાકે હેલિકોપ્ટર મારફતે પ્રયાણ કર્યુ.















વલસાડ નગરપાલિકા
કૃષિ મેળો
૨૦૧૧
સેન્દ્રિય ખાતર પ્લાન્ટ



કૃષિ મહોત્સવ

₹ ૧,૦૦,૦૦૦/-
એક લાખ પુરા
AXIS BANK LTD.
ખાતેદાર ખેડૂત આકસ્મિક વિમા યોજના



નેશનલ સાઉન્ડ

## (૩) કૃષિમેળો અને ફળ, ફૂલ, કેરી, શાકભાજી પ્રદર્શન

તા. ૧૨/૦૫/૨૦૧૧ને ગુરુવાર ના રોજ વલસાડ જિલ્લામાં કપરાડા તાલુકામાં આવેલ નાનાપોંઢા ગામ ખાતે એક દિવસીય કૃષિમેળો અને ફળ, ફૂલ, કેરી, શાકભાજી પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવેલ હતું. જેનો સંક્ષિપ્તમાં અહેવાલ નીચે મુજબ છે.

### (૩.૧) કૃષિમેળાના ઉદ્દઘાટન સમારોહ અને કૃષિ પ્રદર્શન સ્ટોલ્સની વિગત

- કૃષિમેળાની તારીખ અને સમયગાળો : તા.૧૨/૦૫/૨૦૧૧ એક દિવસ સવારના ૯.૦૦ થી ૧૭.૦૦ કલાક સુધી.
- કૃષિમેળાનું ઉદ્દઘાટન શ્રી દિલીપ સંઘાણી, માન.કૃષિમંત્રીશ્રીના વરદ હસ્તે સવારે ૯.૩૦ કલાકે કરવામાં આવ્યું હતું.
- કૃષિમેળામાં કુલ ૫૩ કૃષિ પ્રદર્શન સ્ટોલ્સ રાખવામાં આવેલ હતા, જે પૈકી ૨૩ સ્ટોલ્સ નવસારી કૃષિ યુનિવર્સિટી અને ૨૮ સ્ટોલ્સ ખેતીવાડી ખાતા/ એન.જી.ઓ. /પ્રાઈવેટ એગ્રો માર્કેટીંગ સંસ્થાઓના હતા.
- કૃષિમેળાના સ્થળે નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી એક દિવસીય ફળ, ફૂલ, કેરી અને શાકભાજી પ્રદર્શન અને હરિફાઈનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં, નીચે મુજબના કુલ ૫૨૫ નમુનાઓ (samples) પ્રદર્શિત કરવામાં આવેલ હતા.

| | | |
|---|---|---|
| – કેરી | : | ૭૧ |
| – ફળ | : | ૫૮ |
| – શાકભાજી | : | ૨૦૪ |
| – ફુલ | : | ૧૫૮ |
| – ફળ પરિક્ષણ | : | ૩૪ |
| **કુલ** | | **૫૨૫** |

- ફળ, ફૂલ, કેરી અને શાકભાજી પ્રદર્શન અને હરિફાઈમાં ભાગ લેનાર ખેડૂતો પૈકી કુલ ૧૧૧ ખેડૂતોને નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી ઈનામ આપવામાં આવેલ હતા, જેમાં દરેક વિભાગના પ્રથમ વિજેતાને રૂા.૫૦૦/–, દ્વિત્તીય વિજેતાને રૂા.૪૦૦/– અને તૃત્તિય વિજેતાને રૂા.૩૦૦/–ના ઈનામો આપવામાં આવેલ હતા.
- માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ઉદ્દઘાટન સમારોહમાં જતાં પહેલાં શણગારેલ જીપ દ્વારા કૃષિમેળાની ઉડતી મુલાકાત લઈને સ્ટોલ્સના મુલાકાતી ખેડૂતોનું અભિવાદન ઝિલ્યું હતું.
- લગભગ ૨૪૫૦૦ ખેડૂતોએ કૃષિમેળાના પ્રદર્શન સ્ટોલ્સ અને ફળ, ફૂલ, કેરી અને શાકભાજી પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

## (૩.૨) કૃષિમેળો અને ફળ, ફૂલ, કેરી, શાકભાજી પ્રદર્શનની એક ઝલક




















કંદમૂળ વર્ગનાં
શાકભાજી


કટ ફ્લાવર્સ
ઓપન ફીલ્ડ


અન્ય
શાકભાજી

